આરોગ્ય અને પરિવાર
કલ્યાણ મંત્રાલય
ભારત સરકાર

सत्यमेव जयते

જીંદગી પસંદ કરો નહીં કે તમાકુ

# માર્ગદર્શિકા

## તમાકુ મુક્ત
## શૈક્ષણિક સંસ્થા

ગુજરાતી અનુવાદ સૌજન્ય : Faith Foundation

१.	પ્રુષ્ઠ ભુમીકા

१.१.	તમાકુનો વ્યાપ

१.१.१	તમાકુનો ઉપયોગ વિશ્વભરમાં મૃત્યુ અને માંદગીનું એક માત્ર સૌથી મોટુ કારણ છે અને તેના અડધા વપરાશકકર્તાઓ અકાળે મૃત્યુ પામે છે.અને તે પણ તેમની સૌથી વધુ કાર્યકાળની ઉમરમાં . તમાકુ નો ઉપયોગ કેન્સર, રક્તવાહીની રોગો (CVD) , ડાયાબીટીસ, ફેફસાના કાયમી રોગો, સ્ટ્રોક , વંધ્યત્વ, અંધત્વ, ટીબી, તેમજ મોઢાની કેવીટી માટેનું જોખમકારક પરિબળ છે. મુખ્યત્વે બે જાતના તમાકુ છે, એક તો ધુમ્રપાનવાળા અને ધુમ્રપાન વગરના- સીગારેટ, બીડી, હુક્કા જે ધુમ્રપાન વાળા છે, અને ખૈની, જરદા, ગુટકા વિગેરે ધુમ્રપાન વગરનું તમાકુ છે.

१.१.२ ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે (२०१૬-१७) અનુસાર ભારતમાં २८.૬ ટ્કા પુખ્ત વયના લોકો (१५ વર્ષ અને તેથી વધુ ) તમાકુનો ઉપયોગ કરે છે. એકંદરે લગભગ २७ કરોડ લોકો તમાકુનો વપરાશ કરનારાઓ છે. તેમાંના २० કરોડ લોકો ધુમ્રપાન વિનાના તમાકુના વપરાશકારો છે અને १० કરોડ ધુમ્રપાન તેમજ ધુમ્રપાન વિનાની તમાકુનો છે. અને ૩.२ કરોડ લોકો ધુમ્રપાન વાળુ અને ધુમ્રપાન વગરના તમાકુનો ઉપયોગ કરે છે. તમાકુના વપરાશનું પ્રમાણ ત્રિપુરામાં સૌથી વધુ છે. (૬૪.૫ %) ત્યારબાદ મીઝોરા માં (૫૮.૭ %) અને મણીપુર (૫૫.૧ %) છે.

१.१.૩ (GYTS) ,२००९, ભારતમાં १४.૬ % વિધ્યાર્થીઓ જેઓ १૩ થી १૫ વર્ષની ઉમરના છે તેઓ તમાકુનો ઉપયોગ કરે છે. જીવાયટીએસ એ એક રાષ્ટ્રીયપ્રતિનિધિત્વ શાળા આધારીત સર્વેક્ષણ જે १૩ થી १૫ વર્ષના ઉમર નાનો સર્વે કરે છે.

१.१.४ ભારત માં १૩.०० લાખ થી વધુ લોકો દર વર્ષે તમાકુના ઉપયોગ થી મૃત્યુ પામે છે. એટલે કે રોજના ૩૫०० લોકો ભારતમાં તમાકુનો ઉપયોગ કરવાના કારણે મૃત્યુ પામે છે.

૧.૧.૫ પરોક્ષ ધુમ્રપાન ના સંપર્કમાં આવવાથી ( S.H.S.) અથવા નિષ્ક્રિય ધુમ્રપાનના કારણે શિશુઓ , બાળકો અને પુખ્તવય ના લોકો માં ઘણી સ્વાસ્થ્ય ને લગતી સમસ્યાઓ જેવીકે વારંવાર તેમજ ગંભીર દમના હુમલા , શ્વસન ચેપ, કાન માંચેપ, અચાનક શિશુનુ મોત, સીનડ્રોમ, ( SIDS) કોરોનરી હૃદયની બિમારી , ફેફસાનું કેન્સર, વિગેરે થાય છે.

૧.૧.૬ તમાકુ અથવા તમાકુની બનાવટને થુંકવાથી જાહેર આરોગ્ય માટે પણ ખતરો છે જેને કારણે સ્વાઇન ફ્લ્યુ, ન્યુમોનીયા, ગેસ્ટ્રો, આંતરડાના રોગો નો ફેલાવો કરી શકે છે. ક્ષય રોગના સંભવિત જોખમને ફેલાવવાનું નિર્માણ કરે છે. કારણ કે ટીબીના જીવાણું થુંકમાં આખો દિવસ સુધી જીવીત રહે છે.જે જાહેર જનતા માટે એક ન્યુસન્સ છે.

૧.૨. તમાકુ નિયંત્રણ પ્રયત્નો :

૧.૨.૧ ૨૦૦૪ માં , તમાકુના વપરાશ માં ઘટાડાની જોગવાઇ ઓ કરવાના વિચાર સાથે ભારત સરકારે સિગારેટ પર તમાકુ નિયંત્રણનો વ્યાપક કાયદો બનાવ્યો જે તમાકુ અને અન્ય તમાકુ ઉત્પાદનો ( જાહેરાત પર પ્રતિબંધ અને વેપારનું નિયમન અને વાણીજ્ય, ઉત્પાદન, પુરવઠો અને વિતરણ ) અધિનિયમ , ૨૦૦૩ ના નામે ઓળખાય છે.

૧.૨.૨ તમાકુ ઉત્પાદનો ના અસરકારક નિયમ માટે સમય સમય પર વિવિધ નિયમોને સુચનાઓ આપવામાં આવેલ છે.જેમાં નીચેની બાબતો પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

- જાહેર સ્થળો એ ધુમ્રપાન
- સગીરવયના બાળકો ને તથા તેમના દ્વારા તમાકુના ઉત્પાદનોનું વેચાણ.
- શૈક્ષણિક સંસ્થાઓના ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુના ઉત્પાદનોનું વેચાણ. અને,
- તમાકુના ઉત્પાદનોની પ્રત્યક્ષ તથા પરોક્ષ જાહેરાત અને પ્રમોશન.

૧.૨.૩ આ જોગવાઇઓ ઉપરાંત તમાકુના પેકીંગ પર કાયદાકીય ચેતવણીનું પ્રદર્શન પણ અમલમાં મુકવામાં આવી હતી. જે હાલમાં સુધારીને પેકીંગનો ૮૫% વિસ્તાર ને ચેતવણી તથા રાષ્ટ્રીય લાઇન નંબર પ્રદર્શીત કરવામાટે સુધારેલ છે.

૧.૨.૪ ભારતે ફિલ્મો અને ટેલીવીઝન કાર્યક્રમોમાં તમાકુના ઉત્પાદનના નિરૂપણ પર નિયંત્રણ માટેના નિયમોને અસરકારક રીતે અમલમાં મુક્યા છે. ફિલ્મો અને ટેલીવીઝન કાર્યક્રમોના પ્રર્દશન દરમ્યાન તમાકુ વિરોધી વીડીઓ સ્પોટ અને

ડીસ્કલેમર ફિલ્મોના પ્રારંભમાં અને મધ્યમાં કાનુની ચેતવણી દર્શાવવી ફરજીયાત છે.

૧.૨.૫ ગુટકા , જર્દા , ખૈની વગેરે જેવા ધુમ્રપાનવગરના તમાકુના ઉત્પાદનોને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ( વેચાણ પર પ્રતિબંધો ) નિયમન ,૨૦૧૧ ને ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ધારા ૨૦૦૬ હેઠળ પ્રતિબંધીત કરવામાં આવ્યો છે.

૧.૨.૬ ભારતના તમાકુ નિયંત્રણના પ્રયત્નોએ ૨૦૦૭-૦૮ માં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ (N.T.C.P.) ની નવી શરુઆતથી નવી સફળતા મેળવી છે. એન.ટી.સી.પી એક વ્યાપક કાર્યક્રમ છે, જે તમાકુ નિયંત્રણ કાયદાઓ / પહેલના અમલીકરણ માટે માત્ર મજબુત ફ્રેમવર્ક જ નથી પુરુ પાડતુ પરંતુ સમુદાયની સગાઈ, શાળા ના કાર્યક્રમ, આઈઈસી અને હિમાયત પર પણ ધ્યાન કેન્દ્રીત કરે છે.

૧.૨.૭ એનટીસીપી અંતર્ગત વિવિધ વ્યસન મુકિતની સેવાઓ ની સ્થાપના કરવામાં આવેલ છે. ૨૦૧૬ માં રાષ્ટ્રીય ક્વીટ લાઈન ની શરુઆત કરવામાં આવી હતી. તમાકુના પેકીંગ ઉપર ના ડીસ્પ્લે નંબરના પ્રદર્શનને ધ્યાનમાં રાખીને સંભવિત વ્યસન મુકિતના ફોનકોલને વધુ પ્રમાણમાં પહોંચી વળવા માટે હવે વ્યસન મુકિતની ક્ષમતાનો વિસ્તાર કરવામાં આવ્યો છે. વ્યસન મુક્ત થવા માટે ના લગભગ ૨.૮૫ લાખ ટેલીફોન કોલ દર મહિને પૂર્ણ થાય છે. ૪૦૦ થી વધુ તમાકુ નિવારણ કેન્દ્રો ની સ્થાપના કરવામાં આવેલ છે. મોબાઈલ એપ દ્વારા “m Cessation” સેવાઓ પણ આપવામાં આવી રહી છે. વિવિધ કાયદાઓ અને નિયમો હેઠળ તમાકુ નિયંત્રણ માટેની સારાંશ પરીશીષ્ટ-૧ માં આપવામાં આવેલ છે.

## ૨. પરિચય :

૨.૧. ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે ( જીએટીએસ ૨) નો બીજો રાઉન્ડ ૨૦૧૬-૧૭ માં કરવામાં આવ્યો હતો અને તેનો અહેવાલ ૨૦૧૮ માં પ્રકાશિત થયો હતો. તમાકુના વપરાશમાં ૬% સંપુર્ણ ઘટાડો જોવા મળ્યો છે. જીએટીએસ ૨ આ ભારતના તમાકુ નિયંત્રણ પ્રયત્નોની સફળતા દર્શાવે છે.

૨.૨ જો કે , તમાકુ નો ઉપયોગ ખુબજ વધારે છે અને આ તમાકુ વિરોધી પ્રયત્નોની સાતત્ય ટકાવી રાખવાની જરૂર છે. નવા ઉભરાતા ઈલેકટ્રોનીક ઉત્પાદનો ( ઈ-સીગારેટ અને તેનાજેવા ઉત્પાદનો) પ્રયત્નો માટે નવા પડકારો પેદા કરે છે.

૨.૩ જી.વાય.ટી.એસ. અને જી.એ.ટી.એસ. સુચવે છે કે કિશોરો, યુવા અને પુખ્ત વયના

લોકો માં તમાકુનો નોંધપાત્ર ઉપયોગ થાય છે. કારણકે તેઓ તમાકુના વપરાશના સંપર્કમાં સૌથી સંવેદનશીલ હોય છે. ભારત સરકારે "તમાકુ મુક્ત શાળાઓ/**શૈક્ષણિક** સંસ્થાઓ માટેની માર્ગદર્શિકા " ૨૦૦૮ માં તૈયાર કરી હતી. અને ૨૦૧૭ માં "ધારા અનેનિયમોની કલમ ૬(બી) ના સ્ટેપ બાય સ્ટેપ અમલીકરણ માટે માર્ગદર્શિકા તૈયાર કરી હતી. ત્યાર બાદ ઘણી નવી પહેલ કરવામાં આવી છે. જીએટીએસ-૨ ડેટાએ એવુ પણ સુચન કર્યુ છે. કે કાર્યકારી માર્ગદર્શિકાની સમીક્ષા કરવાની જરૂર છે.

૨.૪ આ દિશા નિર્દેશોનો ઉદ્દેશ કિશોરો અને યુવાન વયસ્કોમાં તમાકુ નિયંત્રણ પહેલના અમલીકરણ માટે નવી ગતી પ્રદાન કરવાનું છે.

કોઈપણ શૈક્ષણિક સંસ્થા દ્વારા, ઉચ્ચ સ્તરે અથવા વ્યવસાયીક માટેના તમામ સ્તરોની શાળાઓ સહિતની કોલેજો શિક્ષણ અને યુનિવર્સિટીઓ બંન્ને જાહેર અને ખાનગી ક્ષેત્રમાં આ દિશાનિર્દેશોનો અમલ થઈ શકે છે.

૨.૫ આ માર્ગદર્શિકાના અમલથી નીચેના પરિણામો મળી શકશે.

□ તમાકુના ઉપયોગની નુકશાનકારક અસરો અને લાંબા ગાળાના સ્વાસ્થ્ય પર પડતો પ્રભાવ વિશે ની વધુ જાગૃતિ વિદ્યાર્થી,શિક્ષકો અને શૈક્ષણિક સંસ્થાના કાર્યકરો માં ફેલાશે.

□ તમાકુ નિવારણ માટે ઉપલબ્ધ વિવિધ માહિતી વીશે ની જાગૃતિ.

□ તમામ શૈક્ષણિક સંસ્થાઓ માં તંદુરસ્ત અને તમાકુ મુકત વાતાવરણ બને છે

□ તમાકુ પેદાશોના વેચાણ અને વપરાશ અંગે કાનુની જોગવાઈઓનું વધુ સારુ અમલીકરણ, ખાસ કરીને શૈક્ષણિક સંસ્થાઓ, જાહેર સ્થળો, કાનુની ચેતવણીઓ અને સગીર વયના લોકો સબંધીત

૨.૬ આ માર્ગદર્શિકા ઉપર જણાવેલ ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે એક માળખુ પ્રદાન કરે છે. તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા (**ToFEI**) ના પરિબળોને નિર્દિષ્ટ કરવા ઉપરાંત, આ માર્ગદર્શિકામાં વિવિધ હિતધારકો માટેની ભૂમિકાઓ અને જવાબદારીઓની પણ વિગત છે.

3. તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થા

૩.૧ શૈક્ષણિક સંસ્થાઓએ પરિશિષ્ટ-૨ માં ઉલ્લેખ કર્યા મુજબ " તમાકુ મુક્ત "શૈક્ષણિક સંસ્થા" નું સાયનેજ તેની હદમાં પ્રદર્શીત કરવુ જોઇએ .અને "તમાકુ મુક્ત વિસ્તાર" ને તેના વિસ્તાર બહારમાં એનેક્ષર-૩ મુજબ બોર્ડ ઉપર અથવા દિાલ પેઇન્ટના સ્વરૂપમાં હોઇ શકે છે. સાઇનેજ ને કસ્ટમાઇઝ કરતી વખતે સાચા હેતુ વાળા સંદેશની વાતચીત કરવાની પણ કાળજી લેવી જોઇએ. પરંતુ તેમની ક્ષમતા અને સંદર્ભ મુજબ તેમને સ્વીકારવાનું રહેશે. જ્યારે સંકેત બોર્ડ બનાવતી વખતે સુધારેલા ઉદ્દેશીત સંદેશ ને ખરીરીતે દર્શાવવાનો રહેશે. સંકેત બોર્ડમાં શૈક્ષણિક સંસ્થા ની સુચનાની ભાષામાં તેમજ સ્થાનીક ભાષામાં જો શકય હોય તો પ્રદર્શીત થવી જોઇએ.

૩.૨ સાયનેજ બાહ્ય દિવાલો, મુખ્ય પ્રવેશ દ્વાર, સત્તાવાર નોટીસ બોર્ડ અને આવા કોઇ પણ સ્થળે જેમ કે સિમાચિન્હ પર જેમાં મેનેજમેન્ટ ને લાગે કે જે સંદેશાનો અસર કારક રીતે સંવાદ થઇ શકે તેમ છે.

૩.૩ શૈક્ષણિક સંસ્થાઓએ તેમના કર્મચારી, અધિકારી અથવા શિક્ષક અથવા વિદ્યાર્થી પ્રતિનિધિ ( નવમાં ધોરણ થી આગળનો વિદ્યાર્થી ) માંથી તમાકુ મોનીટર (રો) નિયુકત કરવા જોઇએ . આરોગ્ય અને વેલનેસ એમ્બેસેડર્સને પણ તમાકુ મોનિટર તરીકે નિયુકત કરવા જોઇએ. તમાકુ મોનીટર ના નામ, હોદ્દો અનો ફોન નંબર પણ સાઇન બોર્ડ ઉપર પ્રદર્શીત કરવા જોઇએ. બહુ વીધ તમાકુ મોનીટરને પણ નિયુકત કરવામાં આવી શકે છે અને હકીકત માં આમકરવુ તે સારુ પણ છે.

ઉદાહરણ તરીકે - દરેક કલાસના સ્ટુડન્ટમાંથી તમાકુ મોનીટર ને તેમના કલાસ પુરતો તમાકુ મોનીટર તરીકે નિયુકત કરવો. સૌથી મહત્વપૂર્ણ હિસ્સેદારની સહભાગિતા ,માધ્યમિક શાળાના(નવમાંથી બારમાં ધોરણના ) વિદ્યાર્થીઓ દ્વારા પહેલ કરવી તે સફળ અમલીકરણની ચાવી છે. તમાકુના વપરાશકારોને તમાકુના મોનીટર તરીકેની નિયુકિત કરવામાં ન આવે તેની ખાસ કાળજી લેવી જરૂરી છે.

૩.૪ શૈક્ષણિક સંસ્થાના વહીવટદારોએ સુનિશ્ચિત કરવુ જોઇએ કે પરીસરમાં અને પરીસરથી ૧૦૦ વાર ની અંદર કોઇ તમાકુના ઉત્પાદનો વેચાવામાં ન આવે. અને તેના ઉલ્લંઘનની જાણ રાષ્ટ્રીય વ્યસનમુકિત નં. ૧૮૦૦-૧૧-૨૩૫૬- પર થવી જોઇએ. જો શકય હોય તો મેનેજમેન્ટે, સ્થાનિક સત્તાવાળાઓ અને વિદ્યાર્થીઓના માતા-પિતા સહીતના સમુદાયની સહાય થી પણઆવા વેચાણને રોકવા પ્રયત્નો કરવા જોઇએ. એ પણ નોંધનિય છે કે, સંસ્થા ના વડા ને કલમ૬(બી) ના ઉલ્લંઘન માટે, શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ વારની અંદર તમાકુના ઉત્પાદનોના વેચાણ માટે દંડ ની વસુલાત કરવા માટે પણ અધિકૃત છે. શૈક્ષણિક સંસ્થાએ સ્થાનીક

અધિકારીઓની સહાયથી આવી બોર્ડર / વિસ્તારને નિશાન કરવુ જોઇએ જે ૧૦૦ વારની વ્યાખ્યાને નિશ્ચિત કરે.

૩.૫ શૈક્ષણિક સંસ્થાના વહીવટદારોએ વિદ્યાર્થી, શિક્ષકો, અન્ય સ્ટાફ સભ્યો, સ્કુલ બસોના ડ્રાઇવરો અને સ્ટાફ અને મુલાકાતીઓ સહિત કોઇને પણ સંસ્થાના પરીસરમાં તમાકુના ઉત્પાદનોના કોઇપણ વપરાશની મંજૂરી આપવી જોઇએ નહી.

**શૈક્ષણિક** સંસ્થાની આચાર સંહિતા દિશાનિર્દેશોમાં"કોઇ તમાકુનો ઉપયોગ ન કરો" ના ધોરણનું પાલન કરવુ અને તેના ઉલ્લંઘન કરનાર સામે**શૈક્ષણિક** સંસ્થાએનીતિ- નિયમો મુજબ કાર્યવાહી કરવી જોઇએ. આમાં સામાજીક સેવા, વિદ્યાર્થીઓના માતા પિતાને માહિતી આપવી તેમજ તેમની સાથે ચર્ચા કરવાનું સાનેક કરી શકાય છે. બીજુ સુચન એ પણ છે કે તમાકુના વપરાશકારો જેમાં વિદ્યાર્થી, /શિક્ષક /સ્ટાફ ને વાર્ષિક એવોર્ડ, અભ્યાસક્રમ શ્રેષ્ઠતા એવોર્ડ તેમજ અન્ય એવોર્ડ માટે અયોગ્ય ઠેરવી તેનાથી વંચીત રખવામાં આવે.

૩.૬ **શૈક્ષણિક** સંસ્થાના તમામ સ્થળો કુદરતી રીતે જાહેર સ્થળો છે. તેથી સદર **શૈક્ષણિક** સંસ્થામાં ધુમ્રપાન કરવાથી COTPA 2003 ની કલમ ૪ નું ઉલ્લંઘન થાય છે.તમામ **શૈક્ષણિક** સંસ્થાના વડા ઓ ને આવા ઉલ્લંઘન બદલ COTPA ,૨૦૦૩ હેઠળ દંડ લાદવા અને વસુલવા માટે પણ અધિકૃત છે.

૩.૭ ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ( વેચાણ પર નિષેધ અને અંકુશ ) રેગ્યુલેશન, ૨૦૧૧ માં ખોરાક ઉત્પાદનોમાં તમાકુ અને નિકોટિન ના ઉપયોગ પર પ્રતિબંધ છે. અને વિવિધ રાજ્યો એ ગુટકા અને પાનમસાલા ( તમાકુ અથવા નિકોટીન ધરાવતુ) ના વેચાણ પર પ્રતિબંધ મુકવા માટે જરૂરી આદેશો જારી કરેલ છે.

સન ૨૦૧૬ માં, માનનીય સુપ્રિમ કોર્ટ ના ઓર્ડર તારીખ ૨૩/૦૯/૨૦૧૯ ઉત્પાદન, સંગ્રહ, વિતરણ અથવા ગુટકા અને પાન મસાલા(તમાકુ અથવા નિકોટીન ધરાવતુ) નું વેચાણ અને અન્ય કોઇપણ ઉત્પાદનોના અલગ અલગ માર્કેટીંગમાં તમાકુ ધરાવતા ઉત્પાદનોના અનુસરણમાં જરૂરી આદેશો પસાર કરવા માટે તમામ રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશને સંદેશાવ્યવહાર મોકલવામાં આવ્યો હતો. અથવા અંતિમ ઉત્પાદનમાં નિકોટીન, જેને નામ આપવામાં આવ્યુછે. પેકીંગ કે પેકીંગ વગર અને અથવા એક ઉત્પાદન તરીકે વેચવામાં આવે છે અથવા તેને અલગ અલગ ઉત્પાદનો તરીકે પેક કરીને વેચવામાં આવે અથવા એવી રીતે વિતરીત કરવામાં આવે કે જે ગ્રાહક સબંધીત રાજ્યના અધિકાર ક્ષેત્રમાં પ્રતિબંધીત હોય.

તેમ છતાં તમાકુ અને / અથવા નિકોટીન વિના પાન મસાલા એ ફૂડ સેફટી અને સ્ટાન્ડર્ડ એકટ, ૨૦૦૬ અને તે હેઠળ બનાવેલા રેગ્યલેશન હેઠળ પ્રમાણીત ઉત્પાદન છે. પરંતુ તેની નોંધ લેવી જોઇએ કે તે સ્વાશથ્ય માટ હાનિકારક છે અને તેના ઉપયોગ ને અવરોધવો જોઇએ.

૩.૮ **શૈક્ષણિક** સંસ્થા પણ તમાકુ વપરાશકારો અને તમાકુના વ્યસનીને તમાકુ છોડાવવા માટે વ્યસન મુકિત ની સેવાઓ મેળવવા પ્રોત્સાહીત કરી તમાકુ છોડવા માટે મદદ કરી શકે છે. સદર સેવાઓની માહિતી વ્યસન મુકિત લાઇન પરથી મળી શકશે.

૩.૯ કંપનીકે પેઢી જે કોઇપણ સ્વરુપમાં તમાકુ ઉત્પાદનનોનો ઉપયોગ અથવા ઉત્પાદન અથવા વેચાણ ને પ્રોત્સાહીત કરતી હોય તેવી કંપની કે પેઢી દ્વારા પ્રાયોજીત કોઇપણ પ્રસંગમાં TOFEI એ ભાગલેવો જોઇએ નહી.**શૈક્ષણિક** સંસ્થા/ વિદ્યાર્થીઓએ પણ આવી કંપની ઓ દ્વારા કોઇ ઇનામ કે શિષ્યવૃત્તિ સ્વીકારવી જોઇએ નહી.

૩.૧૦ **શૈક્ષણિક** સંસ્થા ના વહીવટદારોએ અને તમાકુ મોનીટરોએ પણ તમાકુના વિકલ્પો

જેવાકે ઇ-સીગારેટ અને તેના જેવા ઉપકરણો જેવાકે હીટ-નોટ બર્ન ડીવાઇસીસ, વેપ, ઇ-શીશા , ઇ-નિકોટીન સુગંધીત હુક્કા જે તમાકુના ઉત્પાદનો નથી પરંતુ તે સ્વાસ્થ્ય માટે હાનીકારક હોઇ તેની નોંધ લેવા માટે જાગૃત હોવા જોઇએ. ઇ-સીગારેટ ઘણા આકારો અને કદમાં આવે છે જે સામાન્ય સીગારેટ, સીગાર, પાઇપો, પેન યુએસ.બી ફલેશ ડ્રાઇવીઝ, જે પાતળી હઇટેક ડીઝાઇન અને ફરીથી ચાર્જ કરીશકાય તેવી બેટરીવાળા હોય છે. આ ઉંત્પાદનો સામાન્ય રીતે પરંપરાગત સીગરેટ માટેના સલામત વિકલ્પો તરીકે માર્કેટીંગ કરવામાં આવે છે પરંતુ સલામતીની આવી કલ્પના ખોટી છે. એવા પુરાવાઓ પ્રાપ્ત થયેલ છે કે સદર ઉપ્તાદનો કીશોર, યુવાનો અને પુખ્તોને નિકોટિન ના વ્યસન તરફ દોરીજાય છે. કેમ્પસમાં આવા ઉપયોગની જાણ વ્યસન મુકિત લાઇનને કરવી.

૩.૧૧ એનેક્ષર- ૪ માં આપેલ સંસ્થા સ્વમુલ્યાંકન સ્કોર રેકોર્ડનો તમાકુ મુક્ત**શૈક્ષણિક** સંસ્થા માટે ઉપયોગ કરી શકે છે. અર્ધવાર્ષિક ધોરણે તેમની સંસ્થામાં TOFEI દિશા નિર્દેશોના અમલીકરણન સ્થિતીનું મુલ્યાંકન કરવા અને તે**શૈક્ષણિક** સંસ્થાઓને આ અસરનું પ્રમાણ પત્ર મેળવવા માટે ૯૦ % ઉપરના ગુણો જોઇએ. એકવખત**શૈક્ષણિક** સંસ્થાઓને સંતોષ થાય કે તેઓએ બેંચમાર્ક સ્કો હાંસલ કરી

લીધો છે તોશૈક્ષણિક સંસ્થા TOFEI એવોર્ડ સ્કીમ માટે પસંદ થઇ શકે છે. ટીઓઅફઈઆઈ સર્ટીફીકેટ એશૈક્ષણિક સંસ્થા ને આપવામાં આવે છે જેને બેન્ચમાર્ક સ્કોર જેટલો અથવા તેથી વધુ સ્કોર કર્યો હોય તેને ખરાઇ કર્યા બાદ આપવામાં આવે છે. TOFEI એવોર્ડ સ્કીમ ની વિગતો એમઓ એચએફ ડબલ્યુ દ્વારા અલગથી જારી કરવામાં આવશે.

૩.૧૨ તમાકુ નિયંત્રણ પ્રવૃત્તિ : શૈક્ષણિક સંસ્થા એ તમાકુ નિયંત્રણ પ્રવૃતિ ને સમય સમય પર તમાકુ નિયંત્રણ પ્રવૃતિ કરવી જોઈએ. અમુક સુચક પ્રવૃતિ નીચે મુજબ છે.

□ તમાકુની સામે વચન મેળવવા સભાઓ કરવી.

□ પોસ્ટર, સુત્રોચ્ચાર, નિબંધ , કિવઝ, ડીબેટ સ્પર્ધાઓ અને શેરી નાટકો વગેરે. શૈક્ષણિક સંસ્થાઓ ની પ્રખ્યાત જગ્યાઓ ઉપર તમાકુની હાનિકારક અસરો વિશેનીમાહીતી સાથે ના પોસ્ટરો દર્શાવવા નો વિકાસ કરવો જોઈએ.

□ શૈક્ષણિક સંસ્થાઓ ના વહીવટદારોએ વિદ્યાર્થીઓ, શિક્ષકો , અન્ય કર્મચારીઓ દ્વારા તમાકુ નિયંત્રણ પહેલને પ્રોત્સાહન આપવુ જોઈએ અને જે લોકો પહેલ કરે છે , અને આ બાબતે સારુ કામ કરે છે તેમને પ્રશંશાના સર્ટીફીકેટ અથવા એવોર્ડ આપવા જોઈએ.

□ શૈક્ષણીક સંસ્થાઓ એ સ્થાનીક કાયદા અમલીકરણ અધીકારીઓ ને / આરોગ્ય અધીકારીઓને શાળાની સભાના ભાગ બનવા આમંત્રણ આપવુ જોઈએ અને તમાકુ નિયંત્રણ પર જાહેરમાં સંબોધન કરવુ જોઈએ. આ તમાકુ સબંધીત મુદ્દાઓ પર પોલીસી બનાવનારા ઓની હિમાયત કરવામાં મદદ કરશે.

□ શૈક્ષણીક સંસ્થાઓ ની બાઉન્ડ્રી /વાડની બાહ્ય મયાર્દાથી ૧૦૦ વારની વિસ્તારને માર્કીંગ કરવુ .

ઉપરોકત સુચી ફકત સુચક છે અને શૈક્ષણીક સંસ્થા ની ટીમે વધુ સારા વિકલ્પોની પણ શોધખોળ કરવી.

૪. ભૂમીકાઓ અને જવાબદારીઓ

૪.૧ આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલય - તમાકુ નિયંત્રણ વિભાગ
( રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કોષ )

૪.૧.૧. તેની ખાત્રી કરવા માટે કે નિયમીત સમય પર આ માર્ગદર્શીકાઓનું નિરીક્ષણ કરવા માટે રાજ્ય તમાકુ નિયંત્રણ સેને સંદેશા વ્યવહાર / સલાહ મોકલવામાં આવે છે કે નહી.

૪.૧.૨ આઈ.ઈ.સી સામગ્રી, / પ્રોટોટાઈપ જેવા પોસ્ટરો , ફલીપ ચાર્ટ, બ્રોશર્સ રાજ્ય ભરમાં ફેલાવવું જોઈએ. અને એન.ટી.સી.પી ની વેબસાઈટ www.ntcp.nhp.gov.in પર અપલોડ કરવુ આવશ્યક છે.

૪.૧.૩ માનવ સંસાધન વિકાસ મંત્રાલય સાથે સહયોગ કરવા ( શાળા શિક્ષણવિભાગ અને ઉચ્ચ શિક્ષણ વિભાગ ) ના અભ્યાસક્રમમાં તમાકુના ઉપયોગના નુકશાનકારક પ્રભાવોના અધ્યાયને સમાવવા માટે.

૪.૧.૪ આંતરિક સમિક્ષા રચના દ્વારા TOFEI માટેના માર્ગદર્શિકા ના અમલનું મુલ્યાંકન અને મુલ્યાંકન માટે દેખરેખ પધ્ધતી વિકસાવવા.

૪.૧.૫ નેશનલ સેલ શૈક્ષણીક સંસ્થાઓ ના પ્રમાણ પત્ર માટે અને પ્રમાણ પત્ર પ્રદાન કરવા માટે એક મેકેનીઝમ પણમુકશે જે સફળતાપૂર્વક ૯૦/૧૦૦ સુધીના બેન્ચમાર્ક સુધી પહોંચાડશે.

૪.૨. રાજ્ય/ જીલ્લા તમાકુ નિયંત્રણ સેલ :

૪.૨.૧. રાજ્યના શિક્ષણ વિભાગો ( શાળા/ ઉચ્ચ/ તકનીકી/ તબીબી શિક્ષણ ) સાથે સંકલન કરીને તેમનાશૈક્ષણિક પ્રોગ્રામમાં તમાકુ નિયંત્રણ કાયકારીને સામેલ કરીને તમાકુ નિયંત્રણ ને સંસ્થાપિત કરવા. આ માર્ગદર્શિકાને રાજ્ય શિક્ષણ બોર્ડ ના નીતિ - નિયમો નો ભાગ બનાવવા પણ પ્રયત્નો કરવા જોઈએ.

૪.૨.૨. માર્ગદર્શિકાનું પાલન કરવા અને રાજ્ય સરકાર ના અનુદાન દ્વારા **શૈક્ષણિક** સંસ્થાઓને ઉપલબ્ધ અનુદાન હેઠળ ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ કરવાની મંજૂરી આપવા માટે, તમામ સંસ્થાઓ ના વડાઓને પરિપત્ર મોકલવા માટે રાજ્ય શિક્ષણ વિભાગો સાથે સંકલન કરવું.

૪.૨.૩ જીલ્લા સત્તાધારીઓ અને સ્થાનિક સંસ્થાઓને આ માર્ગદર્શિકા ના અમલીકરણ અને દેખરેખ અને સમીક્ષાના અમલીકરણની સુવીધા માટે સંસ્થાકીય પધ્ધતીઓ સ્થાપવા અને COTPA ને અમલીકરણમાં મદદ કરવા પહેલ કરતી સંસ્થાઓની વ્યવસ્થાપકોને ટેકો પુરો પાડવા પ્રોત્સાહન આપવું જોઈએ.

૪.૨.૪ શિક્ષણ વિભાગ સાથે સંકલન કરીને તમામ શિક્ષણિક સંસ્થાઓમાં આ માર્ગદર્શિકા ના પ્રસારની ખાત્રી કરો. રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ભંડોળનો ઉપયોગ આ માટે કરી શકાય છે.

૪.૨.૫ શિક્ષણ વિભાગોની હાલની દેખરેખ/નિરીક્ષણ પધ્ધતીમાં સમાવિષ્ટ તમાકુ મુક્ત શૈક્ષણિક સંસ્થાને લગતા પ્રશ્નો મેળવવાના પ્રયત્નો કરવા.

૪.૨.૬ ગ્રામીણ વિસ્તારો માં ગ્રામ આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ સમિતિઓ અને મહીલા આરોગ્ય સમિતિઓ અને મહોલ્લા સમિતિઓ વોર્ડ સભાઓ દ્વારા આ માર્ગદર્શિકા ઓની દેખરેખ અને દેખરેખ માટે સંસ્થાકીય પધ્ધતી સ્થાપવા માટે ગ્રામીણ વિકાસ / શહેરી વિહીવટ વિભાગ સાથે જોડાવા જોઈએ.

૪.૨.૭ રાજ્ય શિક્ષણ વિભાગો ( શાળા / ઉચ્ચ / તકનીકી/ તબીબી શિક્ષણ) ના પ્રતિનીધીઓ ને રાજ્ય અને જીલ્લા કક્ષાની સંકલન સમીતીઓમાં સહકાર આપવો જોઈએ અને તેમની દરેક બેઠકોમાં આ માર્ગદર્શિકા ના અમલીકરણની સ્થિતિની સમીક્ષા થવી જોઈએ.

૪.૩ નાગરીક સોસાયટી સંગઠન : (C.S.O.)

માર્ગદર્શિકાના અમલીકરણ તેમજ તેના પ્રસારણમાં અને શૈક્ષણિક સંસ્થાનોમાં મેનેજમેન્ટસ અને ટીમોની ક્ષમતા વધારવામાં નાગરિક સોસાયટી ના સંગઠનો મહત્વની ભૂમિકા ભજવી શકે છે. સી.એસ.ઓ., આઈ.સી.આઈ. માટે ટેકનીકલ સહાય જેવી ઈનપુટસ આપીને એસ.ટી.સી.એસ.,ડી.ટી.સી.સી.એસ.અને શૈક્ષણિક સંસ્થાઓને પણ ટેકો આપી શકે છે. નાગરિક સોસાયટી સંગઠનો (સી.એસ.ઓ.એસ.)આ દિશાનિર્દેશનો ના અમલીકરણના અમલીકરણની સ્થિતિનું

**શૈક્ષણિક** સંસ્થાઓ પાસે મુલ્યાંકન પણ કરાવી શકે છે. અને સંસ્થાને અમલીકરણનાં અંતરાયો ને દુર કરવામાં અથવા જ્યાં જરુરી હોય ત્યાં સ્થાનિક સંસ્થાઓ પાસેથી ટેકો મેળવવામાં મદદ કરી અકે છે. એસ.ટી.સી. એસ. અને ડી.ટી.સી.એસ. શકય હોય ત્યાં નાગરીક સોસાયટી સંગઠનો સાથે ફકત અમલીકરણ માટેજ નહી પણ અમલની સ્થિતિ અને તે વિશેના મુલ્યવાન પ્રતિસાદ મેળવવા માટે, અભ્યાસક્રમ સુધારણા ઓને અસરકારક બનાવવા જો શક્ય હોય તો સક્રીય ભાગીદારી કરી શકે.

| કાર્ય | વિભાગ | ગુનો | દંડ | |
|---|---|---|---|---|
| | કલમ -૪* | જાહેર સ્થળો એ ધુમ્રપાન કરવુ | દંડ રૂા. ૨૦૦ સુધી<br>વિભાગ ૨૧ અંતર્ગત | |
| | કલમ -૬અ* | સગીરોને તમાકુનુ વેચાણ કરવુ અથવા સગીરો દ્વારા તમાકુનુ વેચાણ કરવા પર પ્રતિબંધ | દંડ રૂા. ૨૦૦ સુધી<br>વિભાગ ૨૪ અંતર્ગત | |
| | કલમ -૬બ* | **શૈક્ષણિક** સંસ્થાના ૧૦૦ વારની ત્રિજ્યામાં તમાકુનું વેચાણ ના કરવા પર પ્રતિબંધ | દંડ રૂા. ૨૦૦ સુધી<br>વિભાગ ૨૪ અંતર્ગત | |
| COTPA | કલમ-૫ | સીધી કે આડકતરી રીતે તમાકુના ઉત્પાદનોની જાહેરાત ન કરવી અને તમાકુ કંપની દ્વારા યોજાયેલ પ્રસંગે<br>સ્કોલરશીપ/ સ્પોનસરશીપ આપવી નહિ. | વિભાગ ૨૨ અંતર્ગ ત<br>પહેલા ગુના માટે : દંડ રૂા.૧૦૦૦/- સુધી અથવા બે વર્ષ સુધી ની જેલ અથવા બન્ને<br>બીજા ગુના માટે : દંડ રૂા.૫૦૦૦/- અથવા પાંચ વર્ષ ની જેલ અથવા બન્ને | |
| | કલમ -૭ | દરેક તમાકુના ઉત્પાદન પર ફરજીયાત આરોગ્ય ચેતવણી નું પ્રદર્શન | વિભાગ ૨૦ અંતર્ગ ત પહેલા ગુના માટે પ્રોડયુસર કે ઉત્પાદક માટે : દંડ રૂા.૫૦૦૦/- સુધી અથવા બે વર્ષ ની જેલ અથવા બન્ને | વિભાગ ૨૦ અંતર્ગ ત<br>પહેલા ગુના માટે વેચનાર કે ડીસ્ટ્રીબ્યુટર માટે : દંડ રૂા.૧૦૦૦/- સુધી અથવા એક વર્ષ સુધી જેલ અથવા બન્ને |

| | | | | |
|---|---|---|---|---|
| | | | બીજા ગુના માટે : દંડ રૂ.૧૦,૦૦૦/- સુધી અને પાંચ વર્ષ સુધી ની જેલ. | બીજા ગુના માટે : દંડ રૂ.૩,૦૦૦/- અને બે વર્ષ ની જેલ. |
| કીશોર ન્યાય અધિનીયમ | કલમ-૭૭ | કિશોરોને તમાકુ કે બીજા કોઇ વ્યસન કારક પદાર્થ આપવો અથવા આપવાનું કારણ | રૂ. ૧ લાખ સુધીનો દંડ અને ૭ વર્ષ ની જેલ | |
| ભારતીય દંડ સંહીતા | કલમ-૨૬૮ | જાહેર ઉપદ્રવ કરવો જેનાકારણે જાહેર જનતાને સામાન્ય ઈજા, ભય અને ચીડ ઉત્પન્ન થાય | દંડ રૂ. ૨૦૦/- સુધી | |
| | કલમ-૨૬૯ | બેદરકારી ભર્યુ કાર્ય જેથી જીવન માટે ખતરનાક રોગનો ચેપ ફેલાય | ૬મહિનાની જેલ અને દંડ અથવા બન્ને | |
| | કલમ-૨૭૮ | આરોગ્ય માટે હાનિકારક વાતાવરણ બનાવવા | દંડ રૂ. ૫૦૦ /-સુધી | |
| ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એકટ, ૨૦૦૬ (FSSA, 2006 ) | ફુડ સેફટી અને સ્ટાન્ડર્ડ ના નિયમન૨.૩.૪ ( વેચાણ પર પ્રતિબંધ અને નિષેધ) નિયમો, ૨ ૦૧૧. | ખોરાકના ઉત્પાદનમાં તમાકુનો ઘટક તરીકે ઉપયોગ કરવો . | દંડ રૂ.૧૦.૦૦ લાખ સુધી FSSA,2006 વિભાગ ૫૭ (૧) ( ii ) અંતર્ગ ત | |

* COTPA, 2003 અને તેના અંતર્ગત બનાવેલ નિયમોની જોગવાઈઓ લાગુ કરવા માટે અધિકૃત અધિકારીઓની યાદી નીચે મુજબ છે. “

નીચે જણાવેલ વ્યકિતઓ વિભાગ-૪ ના ઉલ્લંઘન સામે દંડ લાદવા તથા વસુલાત કરવા માટે અધિકૃત રહેશે.

| અ.નંબર. | પગલા લેવા માટે અધિકૃત વ્યકિત | જાહેર સ્થળ ની વિગત |
|---|---|---|
| ૧. | સેન્ટ્રલ એકસાઇઝ / ઈન્કમટેક્ષ/ કસ્ટમ્સ/ ઈન્કમટેક્ષ/ આરોગ્ય/ વાહનવ્યવહાર તેમજ ઉપર ના તમામ ઈન્સપેકટરો | તેમના અધિકાર ક્ષેત્રમાં આવતા તમામ જાહેર સ્થળો |
| ૨. | સ્ટેશન માસ્ટર/ મદદનીશ- સ્ટેશન માસ્ટર / સ્ટેશનના વડા/ સ્ટેશનના ઈનચાર્જ | રેલ્વે તથા તેની પરીસરમાં |
| ૩. | રાજ્યના તમામ ગેઝેટેડ અધિકારીઓ/ કેન્દ્ર સરકાર કે તેમના સમકક્ષ રેન્ક અને ઉપર ના સવાયત સંસ્થા/ પીએસયુ . | સરકારી કચેરીઓ / પરીસર અને સવાયત બોડી અને નીગમો. |
| ૪. | ડાયરેકટર / તબીબી સુપ્રીટેન્ડન્ટ/ હોસ્પીટલ ના વહીવટદાર | સરકારી તેમજ ખાનગી હોસ્પીટલ |
| ૫. | પોસ્ટમાસ્તર અને બીજા | તેમના અધિકાર ક્ષેત્રમાં આવતી સબંધીત પોષ્ટ ઓફીસો |
| ૬. | સંસ્થાનાવડા/એચ.આર.મેનેજર/વહીવટીય વડા | ખાનગી કચેરીઓ/ કાર્યકારી જગ્યા |
| ૭. | કોલેજ/ સ્કુલ /હેડમાસ્તર પ્રિન્સીપાલ/ શિક્ષક | સબંધીતશૈક્ષણિક સંસ્થાઓ. |
| ૮. | ગ્રંથપાલ/ ગ્રંથપાલ મદદનીશ/ ગ્રંથપાલના ઈનચાર્જ/ લાયબ્રેરીના બીજા વહીવટી કર્મચારીગણો. | લાયબ્રેરી/ વાંચવાનારુમો |
| ૯. | એરપોર્ટ મેનેજર/ એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાના ઓફીસરો અને તમામ એરલાઈન્સના ઓફીસરો. | એરપોર્ટ |
| ૧૦. | ડાયરેકટર જાહેર આરોગ્ય | તમામ જાહેર સ્થળો. |
| ૧૧. | કેન્દ્રીય/ રાજ્ય સરકારના પ્રભારી | તમામ જાહેર સ્થળો. |
| ૧૨. | નોડલ ઓફીસર/ ફોકલ પોઈન્ટ ના જીલ્લા તથા રાજ્ય સ્તરે તમાકુ વિરોધી સેલ . | તમામ જાહેર સ્થળો. |
| ૧૩. | પોલીસ અધિકારીઓ- પોલીસ સબ- ઈન્સપેકટર રેન્કથી નીચેના નહી. | તેમના અધિકાર ક્ષેત્રમાં આવતા તમામ જાહેર સ્થળ. |
| ૧૪. | ખોરાક અને ઔષધી વહીવટી અધિકારીઓ - પોલીસ સબ- ઈન્સપેકટર રેન્ક થી નીચેના | તેમના અધિકાર ક્ષેત્રમાં આવતા તમામ જાહેર સ્થળ. |

| | | |
|---|---|---|
| | નહી. | |
| ૧૫. | પંચાયતી રાજ સંસ્થાના પ્રતિનીધી<br>( સરપંચ / પંચાયત સેક્રેટરી ) | તેમના અધિકાર ક્ષેત્રમાં આવતા તમામ જાહેર સ્થળ. |
| ૧૬. | ડિસ્ટ્રીકટ પ્રોગામ મેનેજર/ ફાઈનાન્સ મેનેજર- ડિસ્ટ્રીકટ આરોગ્ય સોસાયટી<br>( નેશનલ રુરલ હેલ્થ મીશન ) | તેમના અધિકાર ક્ષેત્રમાં આવતા તમામ જાહેર સ્થળ. |
| ૧૭. | ડીસ્ટ્રીકટ હોસ્પીટલ ના સિવિલ સર્જન / ચીફ મેડીકલઓફીસર (સી.એમ.ઓ.) પ્રાઈમરી હેલ્થસેન્ટર/હોસ્પિટલના<br>(પી.એચ.સી.)મેડીકલ ઓફીસર | હોસ્પિટલ નું બીલ્ડીંગ / આરોગ્ય સંસ્થાઓ/ દવાખાના ઓ |
| ૧૮ | રજીસ્ટ્રાર / ડે.રજીસ્ટ્રાર /પબ્લિક પ્રોસીકયુટર / સરકારી કા ઉન્સેલર . | કોર્ટ ના બીલ્ડીગોમાં |
| ૧૯. | સ્કુલ ઈન્સપેકટર / રાજ્ય શિક્ષણ અધિકારી | શૈક્ષણિક સંસ્થાઓ |
| ૨૦. | ટ્રાફીક સુપ્રીન્ટેન્ડન્ટસ/ મદદનીશ ટ્રાફીક સુપ્રીન્ટેન્ડન્ટસ / બસસ્ટેશન ઓફીસર / ટીકીટ કલેકટર અથવા કંડકટર | જાહેર અવાગમન |
| ૨૧. | મુસાફર ટિકિટ એકઝામીનર / ચીફ ટીકીટ ઈન્સપેકટર / ટિકિટ કલેકટર / ઓફીસરો જે ટિકિટ કલેકટર થી નીચેના પદાધીકારી ન હોવાજોઈએ અથવા રેલ્વેના આસી.સબ ઈન્સપેકટર થી નીચેની રેન્ક ના નહોવા જોઈએ. | રેલ્વે |

નીચે જણાવેલ વ્યકિતઓ વિભાગ-૬ ( અ અને બ ) ના ઉલ્લંઘન સામે દંડ લાદવા તથા વસુલાત કરવા માટે અધિકૃત રહેશે.

| અ.નં. | સેકશન-૬ ( અ. અને બ ) ને અમલમાં મુકનાર અધિકૃત વ્યકિતઓ |
|---|---|
| ૧. | વાઈસ કાઉન્સિલર અથવા ડાયરેકટર અથવા પ્રિન્સીપાલ અથવા શૈક્ષણિક સંસ્થાના ઈનચાર્જ . |
| ૨. | મજૂર વિભાગના મદદનીશ લેબર કમિશ્નર |
| ૩. | સબ ઈન્સપેકટર ની રેન્કના ફુડ એન્ડ ડ્રગ ડિપાર્ટમેન્ટ રાજય સ્તરના તમામ વહીવટીય અધિકારીઓ |
| ૪. | ઈન્સપેકટરની રેન્કના તમામશૈક્ષણિક વિભાગના અધિકારીઓ |
| ૫. | પોલીસ સબઈન્સપેકટર, અને તે ઉપરની રેન્ક ના તમામ પોલીસ અધિકારીઓ |
| ૬. | કોર્પોરેશનના આરોગ્ય અધિકારીઓ |
| ૭. | પંચાયતીરાજ સંસ્થાના પ્રતિનીધીઓ ( ચેરપર્સન અથવા સરપંચ અથવા પંચાયત મંત્રી ) |
| ૮. | રાજય પ્રોગ્રામ મેનેજર અથવા આર્થિક મેનેજર - ડિસ્ટ્રિકટ હેલ્થ સોસાયટી ( નેશનલ રૂરલ હેલ્થ મિશન |
| ૯. | રાજયની હોસ્પીટલના સિવિલ સર્જન અથવા મુખ્ય તબીબી અધિકારી અથવા પ્રાઈમરી હેલ્થ સેન્ટર (P.H.C) ના તબીબી અધિકારી |
| ૧૦. | બ્લોક ડેવલોપમેન્ટ ઓફીસર, બ્લોક એક્ષટેન્શન એડયુકેટર ( B.E.E.) |
| ૧૧. | ડાયરેકટર અથવા જોઈન્ટ ડાયરેકટર હેલ્થ, તથા સ્ટેટ ગર્વન્મેન્ટના શૈક્ષણિક વિભાગ. |
| ૧૨. | રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત રાજયના નોડલ ઓફીસર અને રાજય તમાકુ નિયંત્રણ સેલ |

પરીશીષ્ટ - ૨

( પ્રોટોટાઈપ સાઈન બોર્ડ / વોલ પેઈન્ટ )




૪૫ સી.એમ.

---------------------------- ૬૦ સી. એમ. --------------------------------

## પરીશીષ્ટ - ૩

( પ્રોટોટાઈપ સાઈન બોર્ડ / વોલ પેઈન્ટ )

.



### તમાકુ મુક્ત વિસ્તાર

તમાકુ નો ઉપયોગ અહિંયા  સજા પાત્ર ગુનો બને છે.

જો તમો કોઈ ઉલ્લંઘન જુઓ તો કૃપાકરીને જાણ કરો

નામ ------------------------------------

હોદ્દો ------------------------------------

સંપર્ક વ્યકિત ----------------------------

અથવા

કવાઈટલાઈન નંબર : ૧૮૦૦-૧૧૨-૩૫૬ ( ટોલ ફ્રી ) પર કોલ કરો

૪૫ સી.એમ.

---------------------------  ૬૦ સી. એમ. -------------------------------

## પરીશીષ્ટ - ૪

| | | | |
|---|---|---|---|
| તમાકુ મુક્તશૈક્ષણિક સંસ્થાનો સ્વ - મુલ્યાંકન સ્કોર | | | |
| શૈક્ષણિક સંસ્થાનું નામ : | | | |
| મુલ્યાંકન કરનાર નું નામ અને હોદ્દો :- | | | |
| મુલ્યાંકન તારીખ :- | | | |
| શૈક્ષણિક સંસ્થાનો અંતીમ સ્કોર :- | | | |
| અ.નં. | માપદંઢ | વજનદાર મુદ્દા | સંસ્થાના સ્કોર પોઈન્ટ |
| ૧. | શૈક્ષણિક સંસ્થાની અંદરની તમામ પ્રખ્યાત પરીસર માં " તમાકુ મુક્ત વિસ્તાર" ના સાઈનબોર્ડ ને પ્રદશીત કરવું. | ફરજીયાત (૧૦) | |
| | નામ/ હોદ્દો/ સંપર્ક નંબર સાઈનબોર્ડ પર દર્શાવવા / અપડેટ કરતા રહેવું | ફરજીયાત (૧૦) | |
| ૨. | શૈક્ષણિક સંસ્થાના પ્રવેશ દ્વાર પર શૈક્ષણિક સંસ્થાની બાઉન્ડરી વોલ પર " તમાકુ મુક્તશૈક્ષણિક સંસ્થા" ના સાઈનબોર્ડ ને પ્રદશીત કરવું. | ફરજીયાત (૧૦) | |
| | નામ/ હોદ્દો/ સંપર્ક નંબર સાઈનબોર્ડ પર દર્શાવવા / અપડેટ કરતા રહેવુ | ફરજીયાત (૧૦) | |
| ૩. | તમાકુ ઉત્પાદનો ના ઉપયોગના કોઈપણ પુરાવા જેવાકે સીગારેટ/ બીડી ના ઠુંઠા અથવા ગુટકાનાખાલી પડીકા/ તમાકુના પાઉચ , પીચકારીઓના ડાઘા પરીસર ની અંદર ન હોવા જોઇએ | ફરજીયાત (૧૦) | |
| ૪. | પોસ્ટર અથાવા બીજા તમાકુના નુકશાન દર્શાવતા સર સામાનને પરસિરમાં દર્શાવવા. | ૯ | |
| ૫. | તમાકુ નિયંત્રણ પ્રવૃતિ નું છેલ્લા છ મહીના દરમ્યાન રચના કરવી. | ૯ | |
| ૬. | તમાકુ મોનીટર નો હોદ્દો અને તેમના નામ, હોદ્દો, અને સંપર્ક નંબર સાઈનબોર્ડ પર દર્શાવવા. | ૯ | |
| ૭. | શૈક્ષણિક સંસ્થાની આચાર સંહીતામાં "તમાકુનો ઉપયોગ ન કરવો " નો સમાવેશ કરવો. | ૯ | |
| ૮. | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની બહાર ની દિવાલ/ ફેન્સીંગ પર માર્કીંગ કરવું. | ૭ | |
| ૯. | શૈક્ષણિક સંસ્થાના ૧૦૦ વાર ની અંદર કોઈપણ દુકાનદાર તમાકુ ના ઉત્પાદનો વેચી શકશે નહી . | ૭ | |

# પ્રોટોટાઈપ રસીદ

( શૈક્ષણિક   સંસ્થાનું  નામ અને સરનામુ )

રસીદ
રસીદ નં. ૮૫૧ તારીખ ____________________
____________________________________________ના તરફથી
રૂ.________________( શબ્દોમાં ) ____________________________
મળ્યા છે.
ડી./એસ./ ઓ ____________________________________________________
રહે : ______________________________________________________________

______________________________________________________________
________________________________ના ઉલ્લંઘન  ખાતે
વિભાગ- ૪/ વિબાગ-૬/ બીજા___________________________________ના (સ્થળ   નું નામ )
_________________________સીગરેટ એન્ડ અધર ટોબેકો પ્રોડકટ એકસ ૨૦૦૩ મુજબ

ગુનો કરનાર ની સહી                                                    અધિકૃત  અધિકારી  ની સહી

# માર્ગદર્શિકા માં ઉપયોગમાં લેવાયેલ સંક્ષિપ્ત

| | |
|---|---|
| COTPA | સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ ૨૦૦૩ |
| CSO | સિંવિલ સોસાયટી ઓર્ગેનાઇઝેશન |
| CVD | કારડીઓ વસક્યુલર ડીસીસ |
| DTCC | ડિસ્ટ્રિક્ટ ટોબેકો કન્ટ્રોલ સેલ |
| EI | એડયુકેશનલ ઇન્સ્ટીટયુટ |
| GATS | ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વે |
| NTCP | નેશનલ ટોબેકો કંટ્રોલ  પ્રોગ્રામ |
| STCC | સ્ટેટ ટોબેકો કટ્રોલ સેલ |
| ToFEI | ટોબેકો ફ્રી એડયુકેશનલ ઇન્સ્ટીટયુટ |